**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમીટેડ**
**દ્વારા આયોજ્યત ફલાવર શો – ૨૦૨૬**
**બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આર્ટ્સ કોલેજની પાછળ,**
**ગાંધી અને નેહરૂ બ્રીજની વચ્ચે, પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ**
**રીવરફ્રન્ટ-વેસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯.**
**સંપર્ક નંબર થ- ૦૭૯-૨૬૫૮૦૪૩૦ ઈ-મેઈલ એડ્રેસ: office@srfdcl.com**

SRFDCL

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન વતી સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમીટેડ**

**દ્વારા આયોજીત - ફલાવર શો – ૨૦૨૬**

| | |
|---|---|
| કાર્યક્રમનું સ્થળ | સાબરમતી રીવર ફ્રન્ટ, ફલાવર ગાર્ડન અને ઈવેન્ટ ગ્રાઉન્ડ વિસ્તાર, ટાગોર હોલ પાછળ, પાલડી |
| કાર્યક્રમનાં દિવસો | જાન્યુઆરી-૨૦૨૬ |
| સંસ્થા દ્વારા માંગણી કરવામાં આવેલ સ્ટોલનો પ્રકાર અને નંબર | |

**નર્સરી સ્ટોલ્સ / ફુડ સ્ટોલ્સ ભાડે રાખવા માટેનું અરજી પત્રક**

૧. સંસ્થાનું નામ:

૨. સંસ્થાનું સરનામું:

૩. સંસ્થાનો કોન્ટેક્ટ નંબર:

૪. ઈ-મેઈલ:

૫. ફુડ સ્ટોલ્સ મેળવવા માંગતી એજન્સી હોય તો ફુડ
FSSAI લાયસન્સ નંબર (નકલ ફરજીયાત બિડવી):

૬. સંસ્થાનું વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર:

૭. સંસ્થાનું ગુમાસ્તાધારા રજીસ્ટ્રેશન નંબર:

૮. સંસ્થાનો પાન નંબર:

૯. જી.એસ.ટી. નંબર (નકલ ફરજીયાત બિડવી):

૧૦. સ્ટોલ્સમાં પ્રદર્શિત / વેચાણ કરવામાં આવનાર વસ્તુની ટૂંકી વિગત:

૧૧. સંસ્થા દ્વારા ચુકવવાની ભાડાની રકમ (જી.એસ.ટી. સાથે):

૧૨. ભાડા ચુકવણીની વિગત (ડીમાન્ડ ડ્રાફટ/પે-ઓર્ડરથી)

તારીખ: અરજદારની સહી

સ્થળ: સંસ્થાનું નામ તથા સિક્કો

**-: નિયમો :-**

૧૩. ફલાવર શો ના સ્થળે નીચે જણાવ્યા મુજબનાં સ્ટોલ્સ ભાડે થી આપવામાં આવનાર છે.

| **વિગત** | **સાઇઝ** | **સ્ટોલ નંબર** | **જગ્યા** | **વસુલવામાં આવનાર ભાડું (પ્રતિ નર્સરી/સ્ટોલ્સ)** | **હરાજીની બેઝીક પ્રાઈઝ રૂ. (પ્રતિ નર્સરી/સ્ટોલ્સ)** | **હરાજી નો સમય અને તારીખ** |
|---|---|---|---|---|---|---|
| ફૂડ સ્ટોલ | ૫ મીટર * ૫ મીટર | સ્ટોલ નં. ૧૫ | ઈવેન્ટ સેન્ટર (કોર્નર ફૂડ સ્ટોલ) | જાહેર હરાજીથી | રૂ. ૨૦,૦૦,૦૦૦/- | તા: ૧૩-૧૨-૨૦૨૫ બપોર ના ૦૧:૦૦ થી બપોર ના ૦૨:૦૦ સુધી. |
| ફૂડ સ્ટોલ | ૫ મીટર * ૫ મીટર | સ્ટોલ નં ૩,૪,૫,૭,૯,૧૦,૧૨,૧૩ તથા ૧૪ | ઈવેન્ટ સેન્ટર (કોર્નર સિવાયના ફૂડ સ્ટોલ) | જાહેર હરાજીથી | રૂ. ૭,૫૦,૦૦૦/- | તા: ૧૩-૧૨-૨૦૨૫ બપોર ના ૦૧:૦૦ થી બપોર ના ૦૨:૦૦ સુધી. |
| ફૂડ સ્ટોલ | ૫ મીટર * ૫ મીટર | ૧ થી ૫ | પાર્કિંગ એરિયા માં ટાગોર હોલ ની પાછળ અને ઈવેન્ટ સેન્ટર ની સામે. | જાહેર હરાજીથી | રૂ. ૭,૫૦,૦૦૦/- | તા: ૧૩-૧૨-૨૦૨૫ સવાર ના ૧૧:૦૦ થી બપોર ના ૧૨:૦૦ સુધી.. |
| ફૂડ સ્ટોલ | ૫ મીટર * ૫ મીટર | ૧ થી ૫ | અટલ બ્રિજ ના પૂર્વ તરફ | જાહેર હરાજીથી | રૂ. ૭,૫૦,૦૦૦/- | તા: ૧૩-૧૨-૨૦૨૫ સવાર ના ૧૨:૦૦ થી બપોર ના ૦૧:૦૦ સુધી. |
| નર્સરી | ૧૦ મીટર * ૧૦ મીટર | સ્ટોલ નં. ૩,૪ અને ૫ | ઈવેન્ટ સેન્ટર | જાહેર હરાજીથી | રૂ. ૫,૦૦,૦૦૦/- | તા: ૧૩-૧૨-૨૦૨૫ બપોર ના ૦૩:૦૦ થી બપોર ના ૦૪:૦૦ સુધી. |

**નોધ:**

૧. દરેક સ્ટોલ માટે ના ફોર્મ અલગ અલગ ભરવાના રહશે.

૨. **જે તે સ્ટોલ્સ પેટે ઉપર પત્રકમાં દર્શાવેલ મિનીમમ ભાડાની રકમનો ડી.ડી. /પે-ઓર્ડર હરાજી સમયે સાથે લાવવાનો રહેશે. તે સિવાય હરાજીમાં ભાગ લઇ શકશે નહી.**

૨. પ્રતિ ફૂડ સ્ટોલ રૂ. ૨૦,૦૦,૦૦૦/- (કોર્નર ફૂડ સ્ટોલ ) / રૂ. ૭,૫૦,૦૦૦/- (કોર્નર સિવાયના ફૂડ સ્ટોલ) (જે તે લાગુ પડતું હોય તે), પ્રતિ નર્સરી રૂ. ૫,૦૦,૦૦૦/- તથા પ્રતિ હરાજી ના દિવસે ભરવાના રહશે જે ડી.ડી. /પે-ઓર્ડર થી લેવામાં આવશે. દાખલા તરીકે; જો કોઈ અજેંસી ૨ ફૂડ સ્ટોલ માટે અલગ અલગ ફોર્મ ભરશે તો તેઓ એ રૂ રૂ. ૨૦,૦૦,૦૦૦ /- અથવા તો રૂ. ૭,૫૦,૦૦૦/- (જે તે લાગુ પડતું હોય તે) ના ૨ ડીડી/ પે-ઓર્ડર હરાજી ના દિવસે જોડે લઈ ને આવવાનું રહશે.

૩. જે તે સ્ટોલ માટે જે એજન્સી H1 હશે તેજ એજન્સીઓ એ જે તે સ્ટોલ દીઠ ડીડી/ પૅ-ઓર્ડર જમા કરાવવાના રહશે.

૪. કોર્નર સ્ટોલ બે બાજુ થી જ ખુલો રાખી શકાશે. કોઈ પણ સંજોગોમાં પાછળના ભાગ થી સ્ટોલ ખુલ્લો રાખવાની પરવાનગી આપવામાં આવશે નહિ. તેમ છતાં કોઈ એજન્સી દ્વારા પાછળના ભાગથી સ્ટોલ ખુલો રાખવામાં આવશે તો જોગવાઈ મુજબ પેનલ્ટી કરવામાં આવશે તથા તાત્કાલિક અસરથી સ્ટોલ બંધ કરી દેવામાં આવશે.

૧૪. જાહેર હરાજી ના ફોર્મ તા:- **૦૫-૧૨-૨૦૨૫** થી સાબરમતી રીવરફ્રન્ટ તથા એ.એમ.સી. ની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરવાના રહેશે.

૧૫. સંપુર્ણ વિગતો ભરેલ અરજી ફોર્મ બીજો માળ, રીવરફ્રન્ટ હાઉસ, એચ.કે. આર્ટસ કોલેજની પાછળ, ગાંધી અને નેહરૂ બ્રીજની વચ્ચે, પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજ માર્ગ રીવરફ્રન્ટ- વેસ્ટ, અમદાવાદ-૩૮૦૦૦૯ કચેરીએ તા. **૧૧-૧૨-૨૦૨૫** ના રોજ સાંજે **૦૪:૦૦** કલાક સુધી સ્વીકારવામાં આવશે.

૧૬. જાહેર હરાજી ની તારીખ અને સમય ઉપર મુદ્દા નંબર-૧૩ પર જણાવ્યા મુજબ રહેશે.

૧૭. જાહેર હરાજી દ્વારા બુકીંગ થઇ ગયા બાદ આવેલ અરજદાર ની અરજી સ્વીકારવામાં આવશે નહી.

૧૮. નિયત ભાડાની રકમ તથા વધારાનાં લાઇટ પોઈન્ટ (પર પોઈન્ટ દિઢ રૂ. ૫૦૦/-) ની રકમ ના ડીમાન્ડ ડ્રાફ્ટ/પે-ઓર્ડરથી જ જમા કરાવવાની રહેશે. ડી.ડી. અથવા પૅ ઓર્ડર "Sabarmati Riverfront Development Corporation Limited"નાં નામનો બનાવવાનો રહેશે.

૧૯. હરાજીમાં નક્કી થયા મુજબની રકમ પણ ડીમાન્ડ ડ્રાફ્ટ/ પે-ઓર્ડરથી જ "Sabarmati Riverfront Development Corporation Limited"નાં નામનો બનાવીને તા: **૧૭-૧૨-૨૦૨૫** પહેલા જમા કરાવાનો રહેશે.

૨૦. નર્સરી તથા ફુડ સ્ટોલ્સનાં હરાજીની કુલ રકમ ઉપરાંત લાગૂ પડતો જી.એસ.ટી. સાથેની રકમ SRFDCL માં જમા કરાવવાની રહેશે.

૨૧. જે ચીજ-વસ્તુનાં વેચાણ માટે સ્ટોલ્સનું બુકીંગ કરાવેલ તેવા સ્ટોલ્સ મારફતે ફક્ત તે જ ચીજ-વસુઓનું વેચાણ કરી શકાશે. દા.ત. નર્સરી માટે લેવામાં આવેલ સ્ટોલ્સનો ઉપયોગ ફકત ફુલ-છડનાં રોપાનાં વેચાણ માટે જ કરી શકાશે.

૨૨. ફુડ સ્ટોલ્સમાં ભાગ લેવા માટે હાલમાં FSSAI નું લાયસન્સ ધરાવતી એજન્સી જ હરાજીમાં ભાગ લઇ શકશે તેમજ FSSAI ના લાયસન્સની નકલ ફોર્મ સાથે બિડવાની રહેશે.

૨૩. નર્સરી તથા ફુડ સ્ટોલ્સ બુકીંગ માટે ભરેલ ભાડું નૉન-રીફંડેબલ તેમજ નૉન-ટ્રાન્સફરેબલ રહેશે. જે વ્યકિત/સંસ્થાનાં નામે સ્ટોલ બુકિંગ થયેલ હશે; તે સંસ્થા જ જે તે સ્ટોલ્સનો ઉપયોગ બુકિંગ કરેલ હેતુ માટે કરી શકશે. અન્ય કોઇ સંસાને સ્ટોલ્સનો કોઇ પણ ભાગ ઉપયોગ માટે આપી શકશે નહી.

૨૪. દરેક સંસ્થા પોતાને ફાળવેલ સ્ટોલ્સ સિવાયની જગ્યામાં પોતાનો માલ-સામાન મુકી શકશે નહી તથા પોતની સંસ્થા/કંપનીની જાહેરાત પ્રદર્શિત કરી શકશે નહી.

૨૫. દરેક સ્ટોલ્સમાં થ્રી ફેઝ લાઇટનો એક પોઈન્ટ, એક ટેબલ તથા બે ખુરશીની સવલત આપવામાં આવશે.

૨૬. સ્ટોલ્સમાં જો વધારાનાં લાઇટનાં પોઈન્ટની સુવિધાની જરૂરીયાત હશે તો પ્રતિ પોઈન્ટ રૂ. ૫૦૦/- વધુ લઇ સુવિધા આપવામાં આવશે જે માટે ડીડી. **જે તે સંસ્થા એ વધારાનાં લાઇટ પોઈન્ટ ની ડિમાંડ**

**લેખિત માં ૨૦-૧૨-૨૦૨૫ ના સાંજ ના ૦૪:૦૦ વાગ્યા સુધી માં રિવર ફ્રન્ટ હાઉસ પર જમા કરવાની રહશે**. જે સંસ્થા ની લેખિત અરજી સમય મર્યાદા આવેલ હશે તેને જ વધારાનાં લાઇટ પોઈન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

૨૭. ફુડ કોર્ટમાં નૉનવેજ, ઇંડાની બનાવટો કે પાન-મસાલા-ગુટખા અને તમાકુની બનાવટોનું વેચાણ થઇ શકશે નહી.

૨૮. **ટેમ્પરરી ઉભા કરેલ ફુડ કોર્ટમાં ગેસ સ્ટવ કે ચુલાનો ઉપયોગ કરી શકાશે નહી, ઓવનનો ઉપયોગ કરી શકાશે**.

૨૯. સ્ટોલ્સ ધારક સામાનની હેર-ફેર માટે જરૂરી વાહનો સવારે ૦૯.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૧૦.૦૦ વાગ્યા બાદ જ ફલાવર શૉ પ્રદર્શન સ્થળે પ્રવેશ કરાવી શકશે. કોઈ પણ કારણસર આ નિર્ધારિત સમય સિવાય પ્રવેશ આપવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવી.

૩૦. નર્સરી તથા ફુડ સ્ટોલ્સ ધારકોએ જરૂરી તથા લાગુ પડતી બધીજ NOCs/પરમીશન્સ/અપ્રુવલ્સ સ્વખર્ચે લેવાની રહેશે. કોઈપણ અકસ્માત/અણબનાવ ની પરિસ્થિતિમાં જે તે નર્સરી, ફુડ સ્ટોલ્સ તથા અન્ય સ્ટોલ્સ ધારકોની સંપુર્ણ જવાબદારી રહેશે અને અ.મ્યુ.કો./સા.રી.ફ્ર.ડે.કો.લી. ની કોઇપણ જવાબદારી રહેશે નહીં.

૩૧. નર્સરી સ્ટોલ્સ ધારકને ૬ નંગ પાસ અને ફુડ કોર્ટનાં સ્ટોલ્સ દ્વારકને ૪ નંગ પાસ ઇસ્યુ કરવામાં આવશે. જે માટે સ્ટોલ્સ ધારકએ પોતાના લેટરહેડ પર જે વ્યક્તિ ને પાસ ઇસ્યુ કરવાનો હોય તેનું નામ, નંબર તથા પાસપોર્ટ સાઈઝનાં ફોટોગ્રાફસ અરજી સાથે રિવર ફ્રન્ટ હાઉસ પર મોકલી આપવાનાં રહેશે. **જેતે એજેંસી એ તેમના માણસો ની માહિતી ૨૦-૧૨-૨૦૨૫ ના સાંજ ના ૦૪:૦૦ વાગયા સુધી લેખિત માં રિવર ફ્રન્ટ હાઉસ પર જમા કરવાની રહશે**.

૩૨. ફલાવર શૉ કાર્યક્રમ દરમ્યાન જે તે સમયની સરકારશ્રી દ્વારા અમલમાં મુકાયેલ SOP ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૩૩. મ્યુનિ. કમિશનરશ્રી કોઈપણ જાતનાં કારણો આપ્યા વગર આ ઓકશન પ્રોસેસ સંપુર્ણપણે કે અંશત: સ્વીકાર/અસ્વીકાર કરી શકશે.

૩૪. આ બાબત કોઇપણ વાદ-વિવાદ ઉભો થશે તો મે. મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

મેં/અમે ઉપરોકત જણાવેલ તમામ નિયમો વાંચ્યા છીએ, સમજ્યા છીએ અને મને / અમોને કબુલ-મંજુર અને બંધનકર્તા રહેશે. આ બાબતે હું કોઈપણ વાદ-વિવાદ કે અપીલ કરીશું નહીં.

તારીખ:

સ્થળ:

અરજદાર ની સહી

સંસ્થાનું નામ તથા સિક્કો